**<u>રે.દિ.મુ.નંબર: ૯/૨૦૧૭ ના કામે વાદીની આંક–૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજી નીચે હુકમ::</u>**

**<u>::અરજીની ટુંકમાં હકીકત::</u>**

(૧) સદર કામે વાદીએ હાલની મનાઈ અરજી દાખલ કરી દાવાવાળી કે જે મનાઈ અરજીના પેરા નં. ૪ માં દર્શાવેલ છે. તે જમીનો સ્વર્ગીય વડીલ ભુલાભાઈ ભીખાભાઈની વડીલોપાર્જીત મિલ્કતો હોય અને પ્રતિવાદીનં.૧ થી ૪ નાઓ રેવન્યુ રેકર્ડના આધારે ચાલી આવેલ હોય. તેઓ કોઈ દાવાવાળી મિલ્કતો પૈકીની કોઈ મિલ્કતને ટ્રાન્સફર,અસાઈન કે તબદીલ કરે કરાવે નહિ તેમજ દાવાવાળી મિલ્કતની હાલની સ્થળ પરની પરિસ્થિતીમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરે કરાવે નહિ કે વાદગ્રસ્ત મિલ્કતો પર બોજો કે તારણ ઉભુ કરે કરાવે નહિ. તે મતલબનો મનાઈ માંગેલ છે.

**<u>::પ્રતીવાદીઓનો જવાબ અને તે સંદર્ભે વાદીનો રીજોઈન્ડર::</u>**

(૨) હાલના કામે પ્રતિવાદીઓને સમન્સ નોટીસની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફત હાજર થઈ આંક–૨૪થી જવાબ રજુ રાખેલ છે. જે જવાબમાં મહત્વની હકીકતો જોતા વાદીના દાવાને હકુમતનો બાધ નડતો હોવાનુ જણાવે છે. વધુમાં ઈશ્વરભાઈને ભુલાભાઈ તથા ડાહીબેન સાથે કૌટુંબિક સબંધો રહેલાનો ઈન્કાર કરે છે તેમજ વાદી નં.૨/૧ થી ૨/૪, વાદી નં.૩ અને વાદી નં.૪/૧ ભુલાભાઈના વારસો તરીકે પેલાડ બુહારી ગામે આવતા હોવાનુ ખરુ નથી. વધુમાં ભુલાભાઈના પિતા ખેડુત ખાતેદાર હોવાનુ અને વારસ તરીકે સદર ભુલાભાઈને મળેલ એ ખરુ નથી. ખરી હકીકતમાં મોજે ગાંગપુરવાળી જમીન ૧/૧ થી ૧/૫ અને ૨/૧ થી ૨/૪ના પિતાના જન્મ પહેલાથી ખરીદ કરેલ છે. તેમજ બાગલપુરની જમીન વાદી નં.૧/૧થી ૧/૫ અને ૨/૧ થી ૨/૪ના વડીલ સગીર વયના હતા તે વખતે ખરીદ કરેલ છે. જેથી સંયુકત મહેનતથી સદર જમીનો ખેડતા આવેલાનું ખોટુ છે. બાગલપુરની બ્લોક નં.૧૨૯ વાળી જમીન તા.૨૬/૫/૮૫ ના રોજ ભુલાભાઈ ભીખાભાઈએ પોતાની હયાતીમાં બ્લોક વિભાજન કરેલ અને દરેક ભાઈઓને સરખો હિસ્સો સુપરત કરેલ. જેની રેવન્યુ દફતરે નોંધ નં. ૫૨૫ તા.૨૬/૫/૮૫ના રોજ દાખલ કરેલ જે સામે આજદીન સુધી પક્ષકારો તર્ફે વાંધો કે વિરોધ નથી. અને જે વહેચણના અમલ મુજબ ઈશ્વરભાઈ પોતાના હિસ્સામાં આવેલ જમીન રજીસ્ટર વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. આમ વાદીએ રેવન્યુ કોડની કલમ ૨૦૩(૬) તથા રેવન્યુ જયુડીકશન કલમ ૧૧નો વાદીને દાવાનો બાધ નડે છે.વધુમાં જુનો સર્વે નં.૧૯૬/૧,૨ કે જેનો નવો બ્લોક નં.૩૫૬

છે તે જમીન તથા જુનો સર્વે નં.૧૯૫/૧ થી ૧૯૫/૫ બ્લોક નં.૩૫૬ મોજે પેલાડ બુહારી વાળી જમીન ભુલાભાઈએ પોતે સને ૧૯૪૪ અને ૧૯૬૩માં ખરીદ કરેલ હોય સદર મિલ્કતો સ્વપાર્જીત મિલ્કતો છે. વધુમાં બાગલપુરના જુના સર્વે નંબર ૯૬/પૈકી ૯૭ બ્લોક નં.૧૨૯ વાળી જમીન ૧૯૭૫ માં ખરીદ કરેલ હોય તેમજ ગાંગપુરના જુના સર્વે નં.૩૩૯ નવો બ્લોક નંબર ૩૭૩ વાળી જમીન ગણોતધારા હેઠળ ભુલાભાઈએ ખરીદ કરેલ હોય તેમજ મોજે પેલાડ બુહારીવાળી બ્લોક નં ૧૧૩ વાળી જમીન પણ ખરીદ કરેલ હોય સદર જમીનો વડીલોપાર્જીત જમીન નથી.સ્વ.ભુલાભાઈએ તેમના હિસ્સાની તમામ મિલ્કતો અંગે કોઈ વ્યવસ્થા કે વહેંચણી કરેલ હોવાનુ ખરુ નથી. મર્હુમ ભુલાભાઈએ વીલથી તમામ મિલ્કતો ડાહીબેનને આપેલ હોવાથી તેમજ જો ભુલાભાઈના મરણ પહેલા ડાહીબેનનુ મરણ થાય તો જણાવેલ વાદી પૌત્રોને લાભાર્થી દર્શાવેલ અને જો ભુલાભાઈ પહેલા મરણ પામે તો ડાહીબેનને સમગ્ર મિલ્કત પ્રાપ્ત થાય.રેવન્યુ પ્રકરણોમાં પ્રથમ નોંધ નં.૮૩૫ રદ કરવામાં આવેલ અને ત્યારબાદ નાયબ કલેકટરે નોંધ નં.૮૪૮ વારસાઈ નોંધ રદ કરેલ. સ્વ.ભુલાભાઈએ ૧૯૯૬માં જે વીલ કરેલ તે વીલમાં ડાહીબેનને તમામ મિલ્કતોની માલિક બનાવેલ તે રીતે હિન્દુ કાયદા રીતે ડાહીબેન સમગ્ર મિલ્કતની માલિક થાય. સ્વ.ડાહીબેનએ કાયદેસર પ્રતિવાદી નં.૨ થી ૪ના લાભમાં વીલ કરી આપેલ વાદીએ વીલને પડકારેલ ન હોય વીલને ખોટુ ઠરાવેલ ન હોય વીલનો અમલ થયેલ હોવાનુ માની શકાય. વધુમાં બ્લોક નં.૧૨૯ પૈકી ૪ વાળી જમીન અંગે પ્રતિવાદીએ કોઈ વીલ કરાવેલ નથી. સ્વ.ડાહીબેનના વીલના આધારે પ્રતિવાદી નં.૨ થી ૪ ના નામે નોંધ નં.૧૬૨૫થી દાખલ થયેલ જેની સામે વાદીએ વાંધો લીધેલ તે રદ થયેલ જેની ઉપર નાયબ કલેકટરમાં અપીલ દાખલ કરેલ તે રદ થયેલ તેવી જ રીતે વીલના આધારે નોંધ નં.૧૩૯૩ થી પ્રતિવાદી નં.૨ થી ૪ ના નામ દાખલ થયેલ. આરટીએસ અપીલ પણ રદ થયેલ.દાવાના પક્ષકારો ભુલાભાઈના સીધી લીટીના વારસો હોવા બાબતે તકરાર નથી. પરંતુ સ્વ ભુલાભાઈને તેમના પિતા તરફથી વારસાઈમા સદર જમીનો મળેલ હોવાનુ તેમજ સંયુકત હિન્દુ કુટુંબની હોવાનુ અને સ્વ.ભુલાભાઈએ વડીલોપાર્જીત ખેતીની જમીનોની ઉપજમાથી અન્ય જમીન ખરીદ કરેલાનુ કબુલ નથી. ખરી હકીકતમાં પેલાડ બુહારી બ્લોક નં.૧૬,૧૯,૧૩૯,૧૭૯,૨૦૪ વાળી જમીનો વડીલોપાર્જીત છે. તમામ મિલ્કતો વડીલોપાર્જીત હોવાનુ ખરુ નથી.સને ૧૯૮૫ની સાલમાં વહેંચણ થઈ ગયેલ અને તે મુજબ પોતપોતાના હિસ્સે જમીનો હિસ્સેદારોના કબ્જા ભોગવટામાં આવેલ તેમજ અન્ય મિલ્કતો સ્વપાર્જીત છે તે કાયદેસરના વીલથી પ્રતિવાદીને મળેલ છે. રેવન્યુ પ્રકરણોમાં વીલને કાયદેસર માનવામાં આવેલ છે. વાદીએ સદર દાવો ૩૨ વર્ષ બાદ દાખલ કરેલ હોય વાદીના દાવાને ડીલે લેચીસનો

બાધ નડતો હોય સદર મનાઈ અરજી રદ કરવા અરજ ગુજારેલ છે. વધુમાં આંક–૩૧ થી વાદી તરફે રજુ રાખેલ કાઉન્ટર એફિડેવીટ જોતા તેમા પ્રતિવાદીના જવાબની હકીકતને ઈન્કાર કરેલ છે.

**::પક્ષકારો ધ્વારા તેમના પક્ષ નીવેદનના સંદર્ભ માં રજુ કરેલ દસ્તાવેજો::**

(૩) વધુમાં વાદી તર્ફે રજુ રાખેલ દસ્તાવેજી પુરાવા જોતા નિ.૩/૧ થી નિ.૩/૩૩ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. જેમા નિ.૩/૧થી ફેરફાર નોંધ નં.૧૧૨ રજુ રાખેલ છે. જે જોતા સદર નોંધ તા.૧ ૫/૧૦/૧૯૩૧ ના રોજ પાડવામા આવેલ છે જે ભીખાભાઈ ગોવનભાઈ તા.૧૮/૧૦/૧૯૨૮ના રોજ ગુજરી જતા મરનારના વારસ ભુલાભાઈ ભીખાભાઈનુ નામ દાખલ કર્યાની નોંધ છે. સદર નોંધ સર્વે નંબર ૯/૧, ૯/૪, ૫૯/૧, ૭૪/૧, ૮૦/૧, ૮૧/૧, ૮૧/૩, ૮૯/૩, ૯૭/૬, ૧૧૭/૩ એમ કુલ દસ સર્વે નંબરોમા સદર નોંધ થયેલ છે. નિ.૩/૨ થી નોંધ નંબર વંચાતુ નથી તે તા.૭/૧૦/૪૪ની નોંધ રજુ રાખેલ છે. જે નોંધ મુજબ ભીલાભાઈ ભીખાભાઈએ ડાહયાભાઈ રઘુનાથભાઈ પાસેથી રૂ.૭૦૦ના અવેજ બદલ બ્લોક/સર્વે નંબર ૨૦૦, ૧૯૬/૧, ૧૯૬/૨ વાળી મિલ્કત વેચાણ લીધેલ છે. નિ.૩/૩ થી નોંધ નંબર ૬૦૫ રજુ રાખેલ છે. જે નોંધ તા.૧૯/૧૧/૧૯૫૩ના રોજની છે. જે મોઢાના કરારથી લીધેલાની નોંધ છે. જે ભીલાભાઈ ભીખાભાઈએ વેચાણ લીધેલ. જે સર્વે નંબરો ૧૯૫/૧ , ૧૯૫/૪, ૧૯૫/૨, ૧૯૫/૩, ૧૯૫/૫ ના સર્વે નંબરમા વેચાણ લીધેલ તેની નોંધ છે. નિ.૩/૪થી કલેકટર તાપી નાઓએ આરટીએસ એકટ કેસ નંબર ૯/૨૦૧૫ના કામે કરેલ હુકમની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જે મુજબ વારસાઈનો હુકમ રદ કરેલ છે. નિ.૩/૬થી મામલતદાર વ્યારાનાઓએ તકરારી કેસ નંબર ૨/૨૦૦૫ ના કામે કરેલ હુકમ રજુ રાખેલ છે. જે મુજબ વસીયતનામા અંગે પ્રોબેટ મેળવેલ ન હોય તેના આધારે પડેલ નોંધ રદ કરતો હુકમ છે. એટલે કે વારસદારોના વારસાઈ અંગેનો હુકમ છે. નિ.૩/૯ થી ઈશ્વરભાઈ ભુલાભાઈના વીલની નકલ રજુ રાખેલ છે. જે વીલથી ઈશ્વરભાઈ પોતાના હિસ્સાની મિલ્કતો મોહનભાઈ ભુલાભાઈને આપવા વીલ કરેલ છે. નિ.૩/૧૦ જોતા તે નોંધ ભુલાભાઈ ભીખાભાઈએ હીરાભાઈ રામાભાઈ પાસેથી વેચાણથી સર્વે નંબર ૯૬ પૈકીની જમીન વેચાણ લીધેલ તે બાબતની નોંધ છે. નિ.૩/૧૧ થી તા.૩૧.૦૯.૧૯ ના રોજ પાડવામાં આવેલ નોંધ નં. ૮૭૩ રજુ રાખેલી છે. જે નોંધ કૌટુબીક કરારથી વેચાણ અંગેની નોંધ છે. તેમાં બ્લોક નં. ૩૫૭ મોજે પેલાડ બુહારી વાળી મીલકતમાં થયેલ વહેચણી અંગેની નોંધ છે. જે મુજબ નગીનભાઈ ભુલાભાઈ , મોહનભાઈ ભુલાભાઈ, ઈશ્વરભાઈ ભુલાભાઈના નામો દાખલ થયેલ છ. નિ.૩/૧૨ થી નોંધ નં. ૯૭૨ રજુ રાખેલ છે.

જે જોતાં નોંધ નં. ૮૭૩ રદ કરતો હુકમ છે તેની નોંધ કરવામાં આવેલ છે એટલે કે સદર નોંધથી નોંધ નંબર ૮૭૩ રદ કરેલ છે. નિ.૩/૧૩ થી નોંધ નં. પ૨પ રજુ રાખેલ છે જે જમીનના બ્લોક વિભાજન બાબતની નોંધ છે તે નોંધ બાગલપુરના બ્લોક નં. ૧૨૯ ના સંબંધે કરેલ છે. નિ.૩/૧૪ થી નોંધ નં. ૮૩પ રજુ રાખેલ છે. જેમાં વીલના આધારે બ્લોક / સર્વે નં. ૧૩૭ , ૧૨૯ મોજે બાગલપુર વાળી જમીનો ડાહીબેન ભુલાભાઈના નામે વીલથી દાખલ કરેલ છે જેની સામે વાંધો આવતાં જે નોંધ રદ થયેલાના શેરો છે. નિ.૩/૧પ થી નોંધ નં. ૯૪૧ રજુ રાખેલ છે. જે ઈશ્વરભાઈ ભુલાભાઈ નાઓ એ મોહનભાઈ ભુલાભાઈની તરફણેમાં કરેલ વીલથી ૧૨૯ પૈકી ૧, ૧૩૭ મુજબ બાગલપુર વાળી મીલકત વીલથી આપેલ હોવાની નોંધ છે. જે નોંધ તલાટી રૂબરૂના પેઢીનામાં તથા પંચકયાસ રજુ થયેલ ન હોય તથા તમામ પક્ષકારોની ૧૩પ ડી ને નોટીસ બજાવવામાં આવેલ ન હોય જેથી રદ થયેલ છે. નિ.૩/૧૬ થી નોંધ નં. ૧૨૮૧ રજુ રાખેલ છે. જે નોંધ મુજબ ભુલાભાઈ ભીખાભાઈ પેલાડ બુહારી મુકામે તા.૧૯–૦૭–૯૭ ના રોજ મૈયત થયેલ છે. આમ, તા.૧૧.૧૨.૯૬ ના વીલના આધારે મોજે પેલાડ બુહારી ના બ્લોક / સર્વે નં. ૩પ૬ માં ડાહીબેનનું નામ દાખલ કરેલાની નોંધ છે. નિ.૩/૧૭ થી મોજે પેલાડ બુહારી બ્લોક નં. ૧૧૩ વાળી જમીનમાં ઉપરોકત વીલના આધારે ડાહીબેન ભુલાભાઈનું દાખલ કરેલાની નોંધ છે. નિ.૩/૧૮ થી નોધં નં. ૧૨૯૪ કે જે મોજે ગાંગપુર ના બ્લોક / સર્વે નં. ૩૭૩ વાળી જમીનમાં ભીખાભાઈ ભુલાભાઈના સીધી લીટીના વારસદાર તરીકે (૧) ડાહીબેન ભુલાભાઈ (૨) નગીનભાઈ ભુલાભાઈ (૩) વજયાબેન ભુલાભાઈ (૪) પદમાબેન ભુલાભાઈ (પ) મોહનભાઈ ભુલાભાઈ (૬) ઈશ્વરભાઈ ભુલાભાઈના નામો વારસાઈ હકકે દાખલ થયેલ છે. નિ.૩/૧૯ થી નોંધ નં. ૧૨૯૬ મોજે બાગલપુર તરીકે વ્યારા ના બ્લોક નં. ૩૭૩ વાળી જમીનમાં વીલના આધારે ડાહીબેનનું નામ દાખલ થયેલ હોવાની નોંધ છે. નિ.૩/૨૦ થી મોજે પેલાડ બુહારીના બ્લોક /સર્વે નં. ૧૧૩, ૩પ૬ વાળી જમીનમાં તા.૧૩.૧.૨૦૧૩ ના રોજ મરણ ગયેલ ડાહીબેને તેમની હયાતીમાં તા.૨૪.૬.૨૦૧૦ ના રોજ વીલ થી સદર મીલકત (૧) યજ્ઞેશકુમાર મોહનભાઈ (૨) નૈનષકુમાર મોહનભાઈ (૩) મનુબેન મોહનભાઈ નાઓ ને આપેલ તે મતલબની નોંધ છે. નિ.૩/૨૧ થી મોજે પેલાડ બુહારીના સર્વે / બ્લોક નં. ૧૧૩ , ૩પ૬ વાળી જમીનમાં મનુબેન મોહનભાઈ નાઓએ દેનાબેંક બુહારી શાખામાંથી અંકે રૂપિયા દસ લાખ પુરા નુ ધીરાણ મેળવેલ તેના બોજાની નોંધ છે. નિ.૩/૨૨ થી મોજે પેલાડ બુહારી ના બ્લોક / સર્વે નં. ૧૧૩, ૩પ૬ વાળી જમીનમાં યજ્ઞેશકુમાર મોહનભાઈ પટેલ વગેરેના નામો સંયુકત રીતે ચાલતાં હોય તે બાબતનો નાયબ કલેકટશ્રી વ્યારાનાઓના

હુકમ સામે કલેકટર વ્યારાનાઓએ હુકમ કરેલ છે. નિ.૩/૨૩ થી મોજે પેલાડ બુહારી ના બ્લોક / સર્વે નં. ૧૧૩ , ૩૫૬ વાળી જમીનમાં મામલતદાર, વાલોડનાઓનો હુકમ નાયબ કલેકટરશ્રી નાઓએ કાયમ રાખેલ તે બાબતની નોંધ છે. નિ.૩/૨૪ થી નોંધ નં. ૧૪૭૨ રજુ થયેલ છે. જે નોંધ મોજે ગાંગપુર બ્લોક નં. ૩૭૩ વાળી જમીન બાબતે ભુલાભાઈ ભીખાભાઈ, ડાહીબેન ભુલાભાઈ માલીક ઠરાવેલ અને ડાહીબેન ભુલાભાઈની હયાતી બાબતે જયેશભાઈ નગીનભાઈ, અલ્કેશભાઈ નગનીભાઈ, વિરલભાઈ ઈશ્વરભાઈ, કીર્તીભાઈ ઈશ્વરભાઈનાઓને માલીક ઠરાવેલ તે વીલ બાબતેની નોંધ છે. નિ.૩/૨૫ થી મોજે ગાંગપુરની નોંધ નં. ૧૫૫૦ રજુ થયેલ છે. જે નોંધ નં. ૩૭૩ વાળી જમીનમાં મૈયત ડાહીબેનનું નામ ચાલતું હોય તે તેમના વીલના આધારે યજ્ઞેશભાલ મોહનભાઈ, નૈનેષભાઈ મહોનભાઈ, મનુબેન મોહનભાઈ ને માલીક ઠરાવેલ તે બાબતેની નોંધ છે. જે નોંધ નં. ૧૬૨૫ છે. નિ.૩/૨૭ થી મોજે બાગલપુર ના બ્લોક નં. ૧૩૭, ૧૨૯ પૈકી ૧ વાળી જમીનમાં મૈયત ભુલાભાઈ મરણ જતાં પેઢીનામા મુજબ તેમની સીધી લીટીના વારસોના નામો દાખલ થયેલાની નોંધ છે. જે નોંધ નં. ૮૪૮ ની છે. સદર નોંધ થી (૧) ડાહીબેન ભુલાભાઈ (૨) નૈનેષભાઈ ભુલાભાઈ વજીયાબેન ભુલાભાઈ (૪) પદમાબેન ભુલાભઈી (૫) મોહનભાઈ ભુલાભાઈ (૬) ઈશ્વરભાઈ ભુલાભાઈના નામો દાખલ થયેલ છે. નિ.૩/૨૮ થી મોજે બાગલપુરના ખાતા નં. ૬૬ ની જમીનની ખાતા વાહી રજુ રાખેલ છે. જેમાં ડાહીબેન ભુલાભાઈ, નગીનભાઈ ભુલાભાઈ, વજયાબેન ભુલાભાઈ, પદમાબેન ભુલાભાઈ અને ઈશ્વરભાઈ ભુલાભાઈ ના નામો કબજેદાર તરીકે દર્શાવેલ છે. નિ.૩/૨૯ થી મોજે પેલાડ બુહારી ના ખાતા નં. ૭૬ ની જમીન ખાતાવહી રજુ રાખેલ છે. જેમહાં બ્લોક / સર્વે નં. ૧૬, ૧૯, ૧૩૯, ૧૭૯, ૨૦૪ વાળી જમીન સંકળાયેલ છે. જેમાં કબજેદારમાં ભુલાભાઈ નું નામ છે. નિ.૩/૩૦ થી મોજે પેલાડ બુહારીના ખાતા નં. ૧૮૧ ની જમીનની ખાતાવહી રજુ રાખેલ છે. જેમાં કબજેદારમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈનાઓના નામદ ચાલી આવેલ છે. જે બ્લોક / સર્વે નં. ૧૧૩ વાળી જમીન છે. નિ.૩/૩૧ થી મોજે પેલાડ બુહારીની ખાતા નં. ૧૮૨ ની જમીનની ખાતાવહી રજુ રોખલ છે. જેમાં બ્લોક / સર્વે નં. ૩૫૬ વાળી જમીનમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈનાઓના નામો આવેલ છે. નિ.૩/૩૨ થી મોજે ગાંગપુરના ખાતા નં. ૨૨૯ ના બ્લોક / સર્વે નં. વાળી જમીન માં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈ નાઓના કબજેદાર તરીકે નામો આવેલ છે. નિ.૩/૩૩ થી બ્લોક / સર્વે નં. ૧૨૯ પૈકી ૧ વાળી

જમીનમાં કબજેદાર તરીકે ડાહીબેન ભુલાભાઈ, નગીનભાઈ ભુલાભાઈ, વજયાબેન ભુલાભાઈ , પદમાબેન ભુલાભાઈ , મોહનભાઈ ભુલાભાઈ અને ઈશ્વરભાઈનાઓના નામો ચાલી આવેલ છે.

(૪) વધુમાં, આંક–૨૫ ના લીસ્ટ થી પ્રતિવાદી તરફે પુરાવા રજુ રાખેલ છે. જેમાં નિ.૨૫/૧ થી બ્લોક / સર્વે નં. ૩૫૬ ના ૭/૧૨ ના ઉતારાની નલક રજુ છે જેમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈના નામો ચાલે છે. નિ.૨૫/૨ થી મોજે પેલાડ બુહારી ના ખાતા નં. ૧૮૨ ની પ્રમાણિત નકલ રજુ રાખેલ છે. જેમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈરજુ રાખેલ છે. નિ.૨૫/૩ થી બ્લોક / સર્વે નં. ૧૧૩ ની ૭/૧૨ ના ઉતારાની નલક રજુ રાખેલ છે. જેમાં કબજેદારમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈ નાઓના નામો ચાલી આવેલ છે. નિ.૨૮/૪ થી પેલાડ બુહારીના ખાતા નં. ૧૮૧ બ્લોક / સર્વે નં. ૧૧૩ ની જમીનની ખાતાવહી રજુ રાખેલ છે. જેમાં કબજેદારમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈનાઓના નામો ચાલી આવેલ છે. નિ.૨૮/૫ થી બ્લોક / સર્વે નં. ૧૬, ૧૯, ૧ ૩૯, ૧૭૯, ૨૦૪ ના પેલાડ બુહારીના ૭/૧૨ ની નકલ રજુ રાખેલ છે. જેમાં ભુલાભાઈ ભીખાભાઈ નું નામ કબજેદાર માં દર્શાવેલ છે. નિ.૨૫/૬ થી મોજે પેલાડ બુહારી ના ખાતા નં. ૭૬ ની જમીનની ખાતાવહી રજુ રાખેલ છે. જેમાં ભુલાભાઈ ભીખાભાઈનું નામ દર્શાવેલ છે અને બ્લોક / સર્વે નંબર માં ઉપરોકત નંબરો દર્શાવેલ છે. નિ.૨૫/૭ થી બ્લોક / સર્વે નં. ૩૭૩ મોજે ગાંગપુર ની ૭/૧૨ ની નકલ રજુ રાખેલ છે. જેમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈનાઓના નામો ચાલી આવેલ છે. નિ.૨૫/૮ થી મોજે ગાંગપુરના ખાતા નં. ૨૨૯ ના બ્લોક / સર્વે નં. ૩૭૩ ની નકલ રજુ રાખેલ છે. જેમાં યજ્ઞેશભાઈ મોહનભાઈ, નૈનેષભાઈ મોહનભાઈ, મનુબેન મોહનભાઈનાઓના નામો ચાલી આવેલ છે. નિ.૨૫/૯ થી બ્લોક / સર્વે નં. ૧૨૯ પૈકી ૧ ના ૭/૧૨ ની નકલ રજુ રાખેલ છે. જેમાં ડાહીબેન ભુલાભાઈ, નગીનભાઈ ભુલાભાઈ, વજયાબેન ભુલાભાઈ પદમાબેન ભુલાભાઈ, મોહનભાઈ ભુલાભાઈ અને ઈશ્વરભાઈ ભુલાભાઈ નાઓના નામો ચાલી આવેલ છે. નિ.૨૫/૧૦ થી મોજે બાગલપુરના ખાતા નં. ૬૬ ની જમીનની ખાતાવહી રજુ રાખેલ છે. જેમાં ઉપરોકત વ્યકિતઓના નામો કબજેદારમાં દર્શાવેલ છે અને જે ખાતાવહીમાં બ્લોક / સર્વે નં. ૧૨૯ પૈકી ૧ અને ૧૩૭ દર્શાવેલ છે. નિ.૨૫/૧૧ થી નોંધ નં. ૨૮૫ ની નકલ રજુ રાખેલ છે જે નોંધ મોજે પેલાડ બુહારીના સર્વે નં. ૧૯૬/૧, ૧૯૬/૨, ૨૦૦ બાબતેની છે. તે નોંધ મુજબ ભુલાભાઈ ભીખાભાઈએ ડાહયાભાઈ

રઘુનાથભાઈ પાસેથી સદર જમીન વેચાણ રાખેલાની નોંધ છે. એટલે કે સદર જમીન ભુલાભાઈની સ્વપાર્જીત મીલકત હોવાનું પ્રતિવાદીએ દર્શાવેલ છે. નિ.૨૫/૧૨ થી નોંધ નં. ૬૦૫ ની નકલ રજુ રાખેલ છે. જે નોંધ મોજે પેલાડ બુહારી ના સર્વે નં. ૧૯૫/૧ થી ૧૯૫/૫ વાળી જમીનોમાં મોઢાના કરારથી શાહ રતીલાલનાઓ પાસેથી ભુલાભાઈ ભીખાભાઈનાઓએ સદર વેચાણ રાખેલ હોવાની છે. એટલ ે કે સદર જમીન ભુલાભાઈની સ્વપાર્જીત મીલકત હોવાનું પ્રતિવાદીએ દર્શાવેલ છે. નિ.૨૫/૧૩ થી મોજે ગાંગપુરની નોંધ નં. ૨૮૩ રજુ રાખેલ છે. જે નોંધ ટેનન્સી એકટની કલમ–૩૨ મુજબ ભુલાભાઈ ભીખાભાઈનું નામ દાખલ કર્યાની નોંધ છે. જેમાં સર્વે નં. ૩૩ છે કે ૩૩૯ તે સ્પષ્ટ રીતે વંચાતુ નથી. નિ.૨૫/૧૪ થી મોજે બાગલપુરના સર્વે નં. ૯૭ ની નોંધ નં. ૩૩ રજુ રાખેલ છે. જે મુજબ મોતીચંદ સુરચંદનાઓ પાવરદાર પ્રેમચંદ પાસેથી ભુલાભાઈએ સદર સર્વે નં. ૯૭ વાળી જમીન વેચાણ લીધેલ તે અંગેની નોંધ છે. એટલે કે સદર જમીન ભુલાભાઈની સ્વપાર્જીત મીલકત હોવાનું પ્ર તિવાદીએ દર્શાવેલ છે. નિ.૨૫/૧૪ થી નોંધ નં. ૩૭૯ રજુ રાખેલ છે. જે મોજે બાગલપુર ના સર્વે નં. ૯૬ પૈકી ૧ ની જમીનમાં ભુલાભાઈ ભીખાભાઈ, હીરાભાઈ રામાભાઈનાઓના કુલ મુખ્યત્યાર કેશવભાઈ પાસ ેથી સદર જમીન વેચાણ લીધેલ તે બાબતેની નોંધ છે. નિ.૨૫/૧૫ થી નોંધ નં. ૫૨૫ ની નકલ રજુર રાખેલ છે. જે નોંધ જમીનમાં બ્લોક વિભાજન બાબતેની છે. જે મોજ બાગલપુર ના બ્લોક નં. ૧૨૯ વાળી જમીનમાં મે.નાયબ કલેકટરશ્રી વ્યારાનાઓના હુકમથી જમીનો બ્લોક વિભાજન કરેલ તે બાબતેની નોંધ છે. જે નોંધ થી મોજે બાગલપુર બ્લોક નં. ૧૨૯ પૈકી (૧) માં નગીનભાઈ ભુલાભાઈ, ૧૨૯ પૈકી (૨) માં મોહનભાઈ ભુલાભાઈ , ૧૨૯ પૈકી (૩) માં ઈશ્વરભાઈ ભુલાભાઈ અને ૧૨૯ પૈકી (૪) માં ભુલાભાઈ ભીખાભાઈનાઓના નામો દર્શાવેલ છે. નિ.૨૫/૧૬ થી વેચાણ દસ્તાવેજ નં. ૪૨૪/૨૦૦૩ રજુ થયેલ છે. જે મુજબ ઈશ્વરભાઈ ભુલાભાઈનાએ મોજે બાગલપુરના ૧૨૯ પૈકી તેમનો હીસ્સે આવેલ જમીન રોહીતભાઈ જીવણભાઈ અને ભરતભાઈ જીવણભાઈનાઓને વેચાણ આપેલ તેનો વેચાણ દસ્તાવેજ રજુ રાખેલ છે. નિ.૨૫/૧૭ થી નોંધ નં. ૮૦૧ તા.૨૮.૭.૨૦૦૩ ના રોજ ની રજુ રાખેલ છે. જે મુજબ સદર વેચાણ દસ્તાવેજ આધારે રોહીતભાઈ જીવણભાઈ અને ભરતભાઈ જીવણભાઈનુ નામ બ્લોક / સર્વે નં. ૧૨૯ પૈકી ના ઈશ્વરભાઈના હીસ્સે અવેલ જમીનમાં દાખલ થયેલ છે. નિ.૨૫/૧૮ થી મોજે બાગલપુર બ્લોક / સર્વે નં. ૧૪૫ થી કે જુનો બ્લોક નં. ૧૨૯ પૈકી ૪ છે તે જમીનમાં રોહીતભાઈ જીવણભાઈ અને ભરતભાઈ જીવણભાઈ ના નામો ચાલી આવેલ છે. નિ.૨૫/૧૯ માં મોજે બાગલપુરના ખાતા નં. ૧ ૬૯, બ્લોક / સર્વે નં. ૧૪૫ ના જમીની ખાતાવહી રજુ રાખેલ છે. જેમાં કબજેદાર માં રોહીતભઈ

જીવણભાઈ અને ભરતભાઈ જીવણભાઈના નામો ચાલે છે. એટલે કે સદર જમીન ઈશ્વરભાઈનાઓએ ત્રાહીત વ્યકિતને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ હોવાનું જણાય આવે છે. નિ.૨૫/૨૦ થી ૨૫/૨૨ સુધી પેલાડ બુહારી , ગાંગપુર, બાગલપુર ની જંત્રી દર્શાવતનુ પત્રક રજુ રાખેલ છે. નિ.૨૫/૨૪ થી મામલતદાર વાલોડ માં તકરારી કેસ નં. ૪૨/૩૨ ના કામે થયેલ હુકમનો જાણ કરતી નકલ રજુ રાખેલ છે. નિ.૨૫/૨૪ થી મામલતદાર વ્યારા દવાા વાદીની વાંધા અરજી નામંજુર કરેલ તે અંગેની આર.ટી.એસ. કેસ નં. ૯/૨૦૧૩ ની કામે થયેલ હુકમ છે. નિ.૨૫/૨૫ થી કલેકટરશ્રી વ્યારાનાઓ દવારા આર.ટી.એસ. રીવીઝન કેસ નં. ૩૨/૧૩ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. નિ.૨૫/૨૬ થી નાયબ કલેકટરશ્રી વ્યારા દવાાર આર.ટી.એસ. અપીલ નં. ૧૮/૨૦૧૩ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. જે મુજબ ફેરફાર નોંધ નં. ૧૨૮૧ તથા ૧૨૮૪ કાયમ રાખવાનો હુકમ કરેલ છે. નિ.૨૫/૨૭ થી કલેકટરશ્રી તાપી નાઓ દવારા આર.ટી.એસ. રીવીઝન કેસ નં. ૯/૨૦૧૫ ના કામે કરેલ હુકમ રજુ રાખેલ છે. જેમાં આર.ટી.એસ. અપીલ નં. ૧૮/૧૩ ના કામે થયેલ હુકમ કાયમ રાખેલ છે. નિ.૨૫/૨૮ થી નાયબ કલેકટરશ્રી વ્યારાનાઓની કોર્ટ માં આર.ટી.એસ. અપીલ નં. ૧૦/૧૪ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. જે મુજબ ફેરફાર નોંધ નં. ૧૩૯૩ પ્રમાણીત કરતા હુકમની કરેલ છે. નિ.૨૫/૨૯ થી નાયબ કલેકટરશ્રી વ્યારાની કોર્ટ માં આર.ટી.એસ. અપીલ નં. ૮૬/૧૪ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. જે મુજબ નોંધ નં. ૧૬૨૫ કાયમ રાખેલ છે.. નિ.૨૫/૩૦ અને ૨૫/૩૧ થી આર.ટી.એસ. અપીલ નં. ૧૪૫/૧૫ અને ૧૪૮ /૧૫ ના કામે નાયબ કલેકટરશ્રી વ્યારા દવારા ઢીલ અરજી મંજુર કરતો હુકમ કરેલ છે. નિ.૨૫/૩૨ થી આર.ટી.એસ. અપીલ નં. ૧૪૮/૧૫ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. જેમાં નોંધ નં. ૮૪૮ એ બ્લોક નં. ૧૨૯ પૈકી (૧) પુરતો રદ કરવામાં આવેલ છે. નિ.૨૫/૩૩ થી આર.ટી.એસ. અપીલ નં. ૧૪૫/૧૫ ના કામે થયેલ હુકમ રજુ રાખેલ છે. જેમાં નોંધ નં. ૮૩૫ માં મોજે બાગલુપર ના બ્લોક ન. ૧૨૯ પૈકી (૧) પુરતો રજુ કરવામાં આવેલ છે. નિ.૨૫/૩૪ થી પુલના બાંધકામ માટે બ્લોક નં. ૩૫૬ વાળી જમીનની પશ્ચિમમાં આવેલ કોતરમાંથી પેલાડ બુહારીમાંથી પસાર થતાં રસ્તો આવેલ જમીનને દાનમાં આપેલ તે બાબતનો સ્ટેમ્પ પેપર થયેલ લખાણ રજુ રાખેલ છે. નિ.૨૫/૩૫ થી કાર્યપાલક ઈજનેર દવારા અધીક ઈજનેર સુરતનાઓને લખેલ પત્ર રજુ રાખેલ છે. નિ.૨૫/૩૬ થી તા.૧.૧.૧૯૭૬ ના વર્તમાનપત્ર માં આપેલ જાહેર નોટીસ રજુ રાખેલ છે. જે મુજબ ભુલાભાઈ ભીખાભાઈ એ મોજે પેલાડ બુહારી બાગલપુર માં આવેલ જમીનના તથા બુહારીમાં ઘરો પોતાની સ્વતંત્ર માલીકીના હોવાનું અને તેમાં નગીનભાઈ ભુલાનો કોઈ હકક હીસ્સો ન હોવાનું

તે બાબતની જાહેરાત કરતી નોટીસ છે. નિ.૨૫/૩૭ થી નાયબ કલેકટરશ્રી વ્યારા દવારા મનુબેન મોહનભાઈને બ્લોક નં. ૧૧૩ તથા ૩૫૬ વાળી જમીનમાં નોંધ કરવા બાબતે ફેરફાર નોંધ નં. ૧૩૯૩ થયેલ હોવા બાબતેની જાણ કરતો પત્ર છે. નિ.૨૫/૩૮ થી અલ્કેશભાઈ નગનીભાઈ પટેલનાઓએ મામલતદાર વ્યારાનાઓએ આપેલ વાંધા અરજી રજુ રાખેલ છે. નિ.૨૫/૩૯ થી મોજે પેલાડ બુહારી ની જમીનમાં આકરણી બાબતેના પત્રકની નકલ રજુ રાખેલ છે. જેમાં પેલાડ બુહારીની મીલકત નંબર ૩૭ માં ભુલાભાઈ ભીખાભાઈનુ નામ દર્શાવેલ છે. નિ.૨૫/૪૦ થી મોજે પેલાડ બુહારી, ફેરફાર નોંધ નં. ૭૭૨ રજુ રાખેલ છે. જે મુજબ બ્લોક / સર્વે નં. ૬૪ /૩ તથા ૧૩૯ વાળી જમીન મુળચંદભાઈ એ ભુલાભાઈ ભીખાભાઈનાઓના નામે કોર્ટ હુકમ થી કરી આપેલ અને ભુલાભાઈ ભીખાભાઈનુ નામ દાખલ થયેલી તે બાબતની નોંધ છે.

**<u>::અરજીના સંદર્ભ માં પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો::</u>**

(૫) વાદી તર્ફે વિ.વ.શ્રીએ પોતાની દલીલમાં એવી રજુઆત કરેલ છે કે,વીલના આધારે પ્રતિવાદીનું નામ ચડેલ છે.વીલ સાચું છે કે ખોટું તે દાવાના નિર્ણય વખતે નકકી થઈ શકે તેમ છે. સદર મિલ્કતો પ્ર તિવાદીની સ્વપાર્જિત મિલ્કતો છે તેવું નથી.પ્રતિવાદી વીલથી મિલ્કતના માલિક થયેલાનું જણાવે છે. સદર તમામ મિલ્કતો વાદીના દાદાની છે અને તેઓ મોહનભાઈને એટલે કે હાલના પ્ર તિવાદીને કંઈ આપવા માંગતા ન હોય તેવો તેણે વીલમાં ઉલ્લેખ કરેલ છે. એટલે પ્રતિવાદી નં.૧ સાથે ભુલાભાઈ ભીખાભાઈને કોઈ સંબંઘ રાખવો ન હતો તેમ વીલથી જણાય છે.ત્યાર બાદ ડાહીબેને પૌત્રોના હકકમાં વીલ કરેલ છે.જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો, મિલ્કતોનું ટ્રાન્સફર થવાના કારણે વધુ દાવાદુવી સદર મિલ્કતના સંદર્ભે થવાનો સંભવ રહે છે જેથી પણ મિલ્કતોનું હસ્તાંતર ણ કરે કરાવે નહી તે બાબતની દાદ આપવી ન્યાયોચીત જણાય છે. વધુમાં વાદીએ કબજાની કોઈ દાદ માંગેલ નથી. વાદીએ વીલને પડકારેલ છે.જેથી તે અંગેનો નિર્ણય જયાં સુધી ન થાય ત્યાં સુધી સદર મિલ્કતોની યથાવત પરિસ્થિતી જાળવી રાખવાનો હુકમ કરવો ન્યાયોચીત જણાય છે. જેથી વાદીએ માંગેલ દાદ મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૬) વધુમાં પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રીએ પોતાની રજુઆતમાં એવી દલીલ કરેલ છે કે,પ્રતિવાદી નં.૧ થી ૪ નાઓ મોહનભાઈ ભુલાભાઈ તેમજ મોહનભાઈ ભુલાભાઈના વારસો છે,વાદીએ હાલનો દાવો વારસાઈ હકકથી જાહેરાત તથા કાયમી મનાઈ માટે કરેલ છે. તમામ મિલ્કતો વડીલો પાર્જિત મિલ્કત

નથી.મુળ પુરુષ ભુલાભાઈ ભીખાભાઈનાઓના કુલ –૬ વારસદારો છે. જેમાં ડાહીબેન ભુલા,નગીનભાઈ ભુલાભાઈ,ઈશ્વરભાઈ ભુલાભાઈ,વજીયાબેન ભુલાભાઈ,પદમાબેન ભુલાભાઈ અને મોહનભાઈ ભુલાભાઈ છે.જેમાંથી વાદી નં.૧ નગીનભાઈ ભુલાભાઈ ,ભુલાભાઈની હયાતીમાં અલગ થઈ ગયેલ જે બાબતની પેપર નોટીસ નિ.૨૫/૩૬ થી રજુ રાખેલ છે.જે નોટીસ ભુલાભાઈએ નગીનભાઈને અલગ કરેલ તે બાબતની તા.૧/૧/૧૯૭૬ ના રોજની નોટીસ છે.સદર મિલ્કતો એ ભુલાભાઈની સ્વપાર્જિત મિલ્કત છે, વડીલો પાર્જિત નથી. ગાંગપુર વાળી જમીન ભુલાભાઈએ વાદીના જન્મ પહેલા ખરીદ કરેલ જેથી વાદી નં.૧ નાઓની મહેનતથી ખરીદ કરેલાની હકીકત ખોટી છે. ભુલાભાઈ ભીખાભાઈએ દરેક પુત્રને પોતાના હિસ્સાની જમીન આપી દીધેલ છે. જે બાબતની નોંધ નિ.૨૫/૧૫ થી થયેલ છે. જે નોંધની સામે આજ દીન સુધી કોઈ રેવન્યું પ્રકરણો થયેલ નથી. એટલે વહેચણનો અમલ થઈ ગયેલ છે. વાદી નં.૨/૧ ના પતિએ પોતાની હયાતીમાં તા.૨૮/૩/૨૦૦૧ ના રોજ ૪૨૪ નંબરના દસ્તાવેજથી મિલ્કત વેચાણ આપેલ આમ,એકબાજુ પોતાનો હિસ્સો હોવાની રજુઆત કરે છે .જયારે બીજી બાજુ પોતાને મળેલ મિલ્કતનું વેચાણ કરેલ છે.વાદીના દાવાને લેન્ડ રેવન્યુ કોર્ટની કલમ–૨૦૩(૬) નો બાધ નડે છે.વધુમાં બ્લોક નં.૩૫૬ વાળી જમીન ભુલાભાઈએ જાતે વેચાણ લીધેલ હોય તેમની સ્વપાર્જીત મિલ્કત છે.વધુમાં મોજે બાગલપુર વાળી જમીન ભુલાભાઈએ ખરીદ કરેલ જેમાં વહેચણ થઈ ગયેલ છે.જે નિ.૧૪/૧ થી રજુ છે.મોજે ગાંગપુરના બ્લોક નં.૩૭૩ વાળી જમીન ભુલાભાઈને ગણોતધારા હેઠળ મળેલ હોય તે તેમની સ્વપાર્જીત મિલ્કત છે. આમ ,તમામ મિલ્કતો ભુલાભાઈની સ્વપાર્જીત મિલ્કતો હતી અને ભુલાભાઈએ વીલ કરેલ છે અને વીલથી સમગ્ર મિલ્કતના માલિક ડાહીબેનને બનાવેલ છે.અને ડાહીબેનને જે મિલ્કત મળેલ તે મિલ્કતના ડાહીબેન હિન્દુ સકશેશન એકટની કલમ–૧૪ મુજબ સંપૂર્ણ માલિક બનેલ છે.અને તમામ દાવાવાળી મિલ્કતો ભુલાભાઈની સ્વપાર્જિત મિલ્કત હોય તેનો યોગ્ય રીતે વહીવટ કરવાનો અધિકાર તેમને રહેલ છે.પ્રતિવાદી નં.૨ થી ૪ ને ડાહીબેને વીલથી મિલ્કતના માલિક બનાવેલ છે. જે ડાહીબેનના વીલની નોંધ પણ રેવન્યુ રેકર્ડમાં થયેલ છે.ડાહીબેનના પ્રતિવાદી નં.૨ થી ૪ ના સંબંધો સારા હોય તેમજ પ્રતિવાદી નં. ૧ સાથે પણ સારા સંબંધ હોય પુલ બનાવવા માટે પ્રતિવાદી નં.૧ અને ડાહીબેને સંયુકતમાં અરજી કરી જમીન દાનમાં આપેલ જે નિ.૨૫/૩૪ થી રજુ છે.વીલ શંકાસ્પદ કે ખોટો હોવા બાબતના કોઈ કારણો દાવા અરજીમાં જણાવેલ નથી.વીલને હાલના તબકકે સાચું અને ખરું માનવું જોઈએ.વીલથી પડેલ ફેરફાર નોંધો સામે વાદીએ લીધેલ વાંધામાં પ્રતિવાદીની તરફેણમાં ચુકાદા આવેલ છે જે નિ.૨૫/૨૩ થી

નિ.૨૫/૩૩ સુધી રજુ રાખેલ છે. આ ચુકાદા પર વાદીએ કોઈ કાર્યવાહી કરેલ ન હોય જેથી બોમ્બે લેન્ડ રેવન્યુ કોડની કલમ–૨૦૩(૬) નો બાધ વાદીને નડે છે. હાલના તબકકે વીલ શંકાસ્પદ આવે તેવા કોઈ કારણો વાદીએ દર્શાવેલ નથી.ડાહીબેનના વીલને મનાઈ અરજીના તબકકે સાચી માનવી જોઈએ.જો મનાઈ આપવામાં આવે તો પ્રતિવાદીના કાયદેસરના કબજામાં તરાપ થાય તેમ છે.નગીનભાઈ અને ઈશ્વરભાઈને બેદખલ કરેલ છે.તેઓએ પોતાનો હિસ્સો વેચાણ કરી દીધેલ છે. પ્રથમ દષ્ટીએ તેઓનો કોઈ હકક હોવાનું જણાય આવતું નથી. મનાઈ આપવાથી પ્રતિવાદીને નુકસાન થાય તેમ છે.જેથી વાદીની મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ ગુજારેલ છે.

**::કાયદાની જોગવાઈ અને પ્રસ્થાપિત સિધ્ધાંતો::**

(૭) હાલની અરજી દિવાની કાયરીતી સંહિતાના હુકમ–૩૯ મુજબ કરવામાં આવેલ છે આ સંજોગોમા કયા કયા સંજોગોમા વચગાળાનો મનાઈહુકમ આપી શકાય તે બાબતની સદર કાયદેસરની જોગવાઈ વંચાણે લેવી જરુરી જણાય છે.

**હુકમ : ૩૯ કામચલાઉ મનાઈહુકમ અને વચગાળાના હુકમો કામચલાઉ મનાઈહુકમ:–**

**નિયમ – ૧. જેમા કામચલાઉ મનાઈ હુકમ આપી શકાય તેવા કેસ :** કોઈ પણ દાવામા સોગંદનામાથી અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે–

(એ) દાવાનો કોઈ પણ પક્ષકાર દાવામાની કોઈ પણ તકરારી મીલકત વેડફી નાખી કંઈ નુકશાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમા તે ગેરવાજબી રીતે વેચાશે એવી દહેશત છે, અથવા (બી) પોતાના લેણદારોને દગો દેવાના ઉદેશથી પ્રતિવાદી પોતાની મીલકત ખસ ેડવાની અથવા તેનો નિકાલ કરી નાખવાની બીક બતાવે છે, અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે, અથવા (સી) દાવામાં તકરારી મીલકત સંબંધમા, વાદીનો કબજો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોંચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.

(૮) ત્યારે હુકમ કરીને ન્યાયાલય એવુ કાર્ય થતું અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે અથવા તે દાવાનો નિકાલ થતા સુધી અથવા બીજો હુકમ થતા સુધી, તે મીલકત વેડફાઈ જતી હોય તેને નુકશાન થતુ હોય, તે બીજાને આપી દેવાતી હોય, તે ખસેડાતી હોય તે અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા અથવા અટકાવવા માટે, અથવા દાવામાની તકરારી મીલકતના સંબંધમા

વાદીનો કબજો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોંચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે.

(૯) ઉપરોકત કાયદાની જોગવાઈ ઘ્યાને લીઘા બાદ નિર્ણય માટેના કારણોની ચર્ચા કરતા પહેલા કામચલાઉ મનાઈહુકમ અંગેના કેટલાક નામદાર સંર્વ્વોચ અદાલત ના ચુકાદાઓની ચર્ચા કરવી આવશ્યક અને જરૂરી જણાતી હોય તેને અહી રજુ રાખેલ છે.

(૧) નામદાર સંર્વ્વોચ અદાલતે ''**કોલગેટ પામોલીવ ઈન્ડિયા લી . વિ. હીન્દુસ્તાન લીવર લી.** ''ના કેસ માં કે જે એ.આઈ.આર.૧૯૯૯ એસ.સી.૩૧૦૫ માં પ્રસિઘ્ઘ થયેલ છે તેમા નીચે મુજબ ઠરાવેલ છે.

16. In Gujarat Bottling Co. Ltd. v. Coca Cola Co. & Ors.6 this Court however sounded a different note, though however, emphasised the discretionary power in the matter of grant of interlocutory injunction and in paragraph 43 this Court observed :“43. The grant of an interlocutory injunction during the pendency of legal proceedings is a matter requiring the exercise of discretion of the court. While exercising the discretion the court applies the following tests—(i) whether the plaintiff has a prima facie case; (ii) whether the balance of convenience is in favour of the plaintiff; and (iii) whether the plaintiff would suffer an irreparable injury if his prayer for interlocutory injunction is disallowed. The decision whether or not to grant an interlocutory injunction has to be taken at a time when the existence of the legal right assailed by the plaintiff and its alleged violation are both contested and uncertain and remain uncertain till they are established at the trial on evidence. Relief by way of interlocutory injunction is granted to mitigate the risk of injustice to the plaintiff during the period before that uncertainty could be resolved. The object of the interlocutory injunction is to protect the plaintiff against injury by

violation of his right for which he could not be adequately compensated in damages recoverable in the action if the uncertainty were resolved in his favour at the trial. The need for such protection, has, however, to be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights for which he could not be adequately compensated. The court must weigh one need against another and determine where the "balance of convenience" lies. (see : Wander Ltd. v. Antox India (P) Ltd. (1990 (Supp.) SCC at pp. 731-32.) In order to protect the defendant while granting an interlocutory injunction in his favour the court can require the plaintiff to furnish an undertaking so that the defendant can be adequately compensated if the uncertainty were resolved in his favour at the trial".

19. We, however, think it fit to note herein below certain specific considerations in the matter of grant of interlocutory injunction, the basic being-non-expression of opinion as to the merits of the matter by the Court, since the issue of grant of injunction usually, is at the earliest possible stage so far as the time frame is concerned. The other considerations which ought to weigh with the Court hearing the application or petition for the grant of injunctions are as below :—(i) Extent of damages being an adequate remedy; (ii) Protect the plaintiff's interest for violation of his rights though however having regard to the injury that may be suffered by the defendants by reason therefor; (iii) The court while dealing with the matter ought not to ignore the factum of strength of one party's case being stronger than the others;(iv) No fixed rules or notions ought to be had in the matter of grant of injunction but on the

facts and circumstances of each case - the relief being kept flexible;(v) The issue is to be looked from the point of view as to whether on refusal of the injunction the plaintiff would suffer irreparable loss and injury keeping in view the strength of the parties case; (vi) Balance of convenience or inconvenience ought to be considered as an important requirement even if there is a serious question or prima facie case in support of the grant; (vii) Whether the grant or refusal of injunction will adversely affect the interest of general public which can or cannot be compensated otherwise.

(૨)નામદાર સર્વોચ્ચ અદાલતે **''દલપતકુમાર વિ. પ્રહલાદસીંઘ''** ના કેસ માં કે જે એ.આઈ.આર.૧૯૯૩ એસ.સી.૨૭૬ માં પ્રસિધ્ધ થયેલ છે તેમા નીચે મુજબ ઠરાવેલ છે.

4. Order 39, Rule 1(c) provides that temporary injunction may be granted where, in any suit, it is proved by the affidavit or otherwise, that the defendant threatens to dispossess the plaintiff or otherwise cause injury to the plaintiff in relation to any property in dispute in the suit, the court may by order grant a temporary injunction to restrain such act or make such other order for the purpose of staying and preventing ......... or dispossession of the plaintiff or otherwise causing injury to the plaintiff in relation to any property in dispute in the suit as the court thinks fit until the disposal of the suit or until further orders. Pursuant to the recommendation of the Law Commission clause (c) was brought on statute by S. 88(i)(c) of the Amending Act 104 of 1966 with effect from February 1, 1977. Earlier thereto there was no express power except the inherent power under S. 151, C.P.C. to grant ad interim injunction against dispossession. Rule 1 primarily concerns with the preservation of the property in dispute till legal rights are adjudicated.

Injunction is a judicial process by which a party is required to do or to refrain from doing any particular act. It is in the nature of preventive relief to a litigant to prevent future possible injury. In other words, the court in exercise of the power of granting ad interim injunction is to preserve the subject matter of the suit in the status quo for the time being. It is settled law that the grant of injunction a discretionary relief. The exercise thereof is subject to the court satisfying that (1) there is a serious disputed question to be tried in the suit and that an act, on the facts before the court, there is probability of his being entitled to the relief asked for by the plaintiff/ defendant; (2) the courts interference is necessary to protect the party from the species of injury. In other words, irreparable injury or damage would ensue before the legal right would be established a trial; and (3) that the comparative hardship or mischief or inconvenience which is likely to occur from withholding the injunction will be greater than that would be likely to arise from granting it.

